### વન્ય સપ્તાહનો રાજ્યકક્ષાનો સમાપન કાર્યક્રમ

# અરવલ્લી કલેકટર કચેરી ખાતેથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી વન્ય સપ્તાહ કાર્યક્રમ

મોડાસા તા.૮

ગુજરાતના સમૃદ્ધ વન્યજીવ વારસાને જાળવી રાખવા માટે રાજ્ય સરકારે અનેક સંરક્ષણાત્મક પગલા લીધા છે. જેમાં ગુજરાત રાજ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અને સંવર્ધન ક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવે છે. જાગૃતતા એ સંરક્ષણ માટેનું સોપાન છે. જેથી રાજ્યમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મ જયંતિ ૨ ઓક્ટોબર થી શરુ કરીને ૮ ઓક્ટોબર સુધી એક સપ્તાહના સમય ગાળામાં "વન્ય પ્રાણી સપ્તાહ" ઉજવણી ઉત્સાહ અને ઉમંગપૂર્વક કરવામાં આવી છે.

જે અંતર્ગત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજાયો. જેમાં



અરવલ્લીમાં જીલ્લા કક્ષાના કાર્યક્રમમાં કલેકટર કચેરી ખાતેથી વિડીયો કોન્ફરન્સના માધ્યમ થકી જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીના આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમની ઉજવણી અરવલ્લી જીલ્લાના મોડાસા, મેઘરજ, શામળાજી તથા માલપુર ખાતે કરાઈ. જેમાં મોટી સંખ્યામાં આગેવાનો, પર્યાવરણ તથા વન્યપ્રાણી પ્રેમીઓ, અધિકારીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

આ બેઠકમા જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટિયા, જીલ્લા ગ્રામ વિકાસ અધિકારીશ્રી દાવેરા, બાયડ પ્રાંત અધિકારીશ્રી વિમલ બારોટ, જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, વન સંરક્ષણ અધિકારીશ્રી, ICDS અધીકારીશ્રી, જીલ્લાના અન્ય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કાશ્મીરમાં હિન્દુ પરીવારો પર વારંવાર અત્યાચારો થઈ રહ્યા છે તે સંદર્ભે

# આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા ભિલોડા મામલતદારને આવેદનપત્ર અપાયું



ભિલોડા, સુનોખ,તા.૦૮

ભારત દેશના કાશ્મીરમાં હિન્દુ પરીવારો પર વારંવાર અત્યાચારો થઈ રહ્યા છે તે સંદર્ભે આંતરરાષ્ટ્રીય હિંન્દુ પરિષદના હોદ્દેદારો અને કાર્યકરો દ્વારા અરવલ્લી જીલ્લાના ભિલોડા મામલતદાર ઝેડ.વી.પટેલ ને આવેદનપત્ર અપાયું હતું.

કાશ્મીરમાં હિન્દુ પરિવારો પર વારંવાર જે અત્યાચારો થઈ રહ્યા છે ત્યારે એના માટે કેન્દ્ર સરકારે હિન્દુઓની વ્હારે ચડીને સુરક્ષા માટે પણ કડક માં કડક પગલા લેવા જોઈએ તેમ આંતરાષ્ટ્રીય હિન્દુ પરિષદ,ભિલોડાના પ્રતીક ભાવસાર,કિશન ભોઈ,કિરીટ બુવડ,વાસુદેવ ખત્રી,ગૌરવ ભાટિયા,યોગેશ સોની,બીટ્ટુ મોરવાનીએ જણાવ્યું હતું.

## જન્મદિને વધામણી



ડો. આર. કે.પટેલ
ગાંધીનગર



માનસી પ્રવિણ સિંહ
પરમાર
બાયડ

રક્તદાન
મહાદાન

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

# અરવલ્લી મોડાસાની એમ.એલ.ગાંધી કોલેજ કેમ્પસ ખાતે મેગા લીગલ સર્વિસ પ્રદર્શનનો કેમ્પ

### આશરે ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ તથા સામન્ય લોકોએ ભાગ લીધો હતો

મોડાસા તા.૮

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ જીલ્લા કાનૂની સેવા સતા મંડળ, અરવલ્લી દ્વારા કેન્દ્ર તથા રાજ્ય સરકારના "આઝાદી કા અમૃત મહોત્સવ" ના ભાગરૂપે તા.૨ ઓક્ટોબર થી ૧૪ નવેમ્બર ૨૦૨૧ના સમયગાળા દરમ્યાન કાનૂની શિક્ષણ શિબિરો યોજાવાની શરૂઆત થઈ છે. જે અંતર્ગત અરવલ્લી જીલ્લા કાનૂની સહાય સત્તા મંડળ, દ્વારા "આઝાદી કા અમૃત મહોત્સવ" ના ઉજવણીના સંદર્ભે ૭ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ અરવલ્લી જીલ્લાના મોડાસાની એમ.એલ.ગાંધી કોલેજ કેમ્પસ ખાતે મેગા લીગલ સર્વિસ પ્રદર્શનનો કેમ્પ યોજાયો.



જેમાં વિવિધ પુસ્તક અને પેમ્પલેટ તથા બેનરો દ્વારા જાગૃતિ મળી રહે તે માટે કુલ ૪ સ્ટોલ ઉભા કરાયા હતા. જેમાં વિદ્યાર્થીઓને તેમજ અન્ય લોકોને નાલ્સાની ડોક્યુમેન્ટરી બતાવવામાં આવી હતી. આ પ્રસંગે અરવલ્લી જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેનશ્રી એચ.સી.વોરાએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. આ કાર્યક્રમમાં આશરે ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ તેમજ સામન્ય લોકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ સેક્રેટરી ઈ.ચા., એમ.એલ.ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટીના અન્ય હોદ્દેદારો, અન્ય અધિકારીશ્રીઓ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજના મજરા ચોકડી પાસે ટ્રક ચાલકે બાઈકને ટક્કર મારી બાઈક ચાલકનુ મોત નિપજાવ્યુ

### ટ્રક ચાલક અકસ્માત સર્જીને બાઈક ચાલકનુ મોત નિપજાવી ટ્રક લઈને ભાગી ગયો : પ્રાંતિજ પોલીસે ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી

પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મજરા ચોકડી પાસે રોડની સાઈડમા જઈ રહેલ ગાંધીનગર ના બાઈક ચાલક ને ટ્રક ચાલકે ટક્કર મારી શરીરે ઈજાઓ પોહચાડી મોત નિપજાવી ટ્રક ચાલક ટ્રક લઈ ને ભાગી જતા ટ્રક ચાલક વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થઈ

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર થી મળતી માહિતી મુજબ ચિલોડા-હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ના મજરા ચોકડી વિનય હોટલ પાસે બાઈક ઉપર જઈ રહેલ બાઈક ચાલકને ટ્રક ચાલક નંબર આર.જે.૦૯-જી, ડી-૬૮૨૯નો ચાલક ફુલફાસ્ટ હંકારી લઈ આવી રોડની સાઈડ મા જઈ રહેલ ગાંધીનગરના બાઈક ચાલક કનુભાઈ સોમાભાઈ સોલંકીને ટક્કર મારી રોડની સાઈડ મા નીચે પાડી દઈ ડાબા હાથે પગે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી ટ્રક ચાલક પોતાની કબજા ની ટ્રક લઈ ભાગી જતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં આ અંગેની પોલીસ ફરીયાદ સુમિત કુમાર કનુભાઈ સોમાભાઈ સોલંકી ઉ.વર્ષ-૨૯ રહે. સેક્ટર ૨૯, બ્લોક નં-૧૪/૨ ગાંધીનગર તા. જી.ગાંધીનગર દ્વારા કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પીએસો લીલાબા મહોબતસિંહ દ્વારા ટ્રક ચાલક વિરૂધ્ધ આઈપીસીકલમ-૨૭૯,૩૦૪ અ એમ.વી એકટ-૧૭૭,૧૮૪, ૧૩૪ બી મુજબ ગુનો નોંધી આગળ ની તપાસ પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના મહિલા પીએસઆઈ એ.બી.મિસ્ત્રી દ્વારા તપાસ હાથ ધરવામા આવી હતી.

# વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી અંતર્ગત ભિલોડા વિસ્તરણ રેન્જ દ્વારા જાગૃતિનો કાર્યક્રમ યોજાયો




ભિલોડા,સુનોખ,તા.૦૮

ગુજરાત રાજ્ય વન વિભાગ દ્વારા દર વર્ષે તા.૨ થી તા.૮ ઓક્ટોબર દરમ્યાન વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી અંતર્ગત જાગૃતિનો કાર્યક્રમ યોજાયો હતો. સામાજીક વનીકરણ રેન્જ ભિલોડા દ્વારા શ્રી એચ.પી.ઠાકર સર્વોદય વિનય મંદિર,શામળાજી ખાતે વન્ય જીવોનું સંરક્ષણ વન્ય પ્રાણી નું મહત્વ અને પર્યાવરણ નું જતન સંદર્ભે જાગૃતિ અર્થે કાર્યક્રમ યોજાયો હતો. સામાજીક વનીકરણ રેન્જ ના પરિક્ષેત્ર વન અધિકારી આર.આર. ડામોર,સ્ટાફ પરિવાર,દયા ફાઉન્ડેશન ટીમ અરવલ્લીમાંથી રાજેશ કોટડ,જગદિશ ભીલ,એમ. એમ. તબિયાડ, જીવદયા પ્રેમીઓ, હાઈસ્કુલ સ્ટાફ પરીવાર અને વિધાર્થીઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો.

# વડાગામમાં પૈસા ઉગરાવવા મુદ્દે કિન્નરોમાં ફેટમબાજી

### તહેવારોમાં વધુ ઘર્ષણ થવાની દહેશત

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૮

ધનસુરા તાલુકાના વડાગામ માં પૈસા ઉગરાવવા મુદ્દે કિન્નરોના બે જૂથ આમને સામને આવી જતાં ધમાલ મચી હતી.બન્ને પક્ષે ફેટમબાજી થતાં ત્રણ કિન્નરો ધાયલ થયા હતા.તમાશાને તેડું ન હોય એમ અનેક લોકો કિન્નર ના તાયફા જોવા એકત્ર થયા હતા .ધાયલ કિન્નરોને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા હતા.જોકે આ



બનાવ બાદ આગામી સમયમાં વધુ ધર્ષણ થઈ શકે છે. તહેવારો સમયે કિન્નરોના અનેક જૂથ પૈસા માટે ફરતા થયા છે. સાચા કિન્નરો કરતાં હમણાંથી નકલી કિન્નરો વધુ ફરતા થાય છે ત્યારે ધનસુરા ના વડાગામ માં ગતરોજ કેટલાક કિન્નર પૈસા માટે ફરતા હોવાની જાણ પછી અન્ય કિન્નર નું જૂથ ત્યાં આવી ગયું અને બંને પક્ષે ઉગ્ર બોલાચાલી અને ગાળો નો વરસાદ વરસ્યા પછી મામલો મારામારી સુધી પહોંચી ગયો હતો.પૈસા મુદ્દે ભાન ભૂલેલા કિન્નરો એક બીજા ઉપર આક્રમકતા થી તૂટી પડતાં અન્ય લોકો ચોંકી ગયા હતા.સામસામે થયેલ મારામારી માં ત્રણ કિન્નર ધાયલ થતાં પોલીસ ફરિયાદ થશે તેવું માનવામાં આવતું હતું પણ હજુ સુધી આ અંગે કોઈ ફરિયાદ દાખલ ન થતાં આશ્ચર્ય ઉભુ થયુ છે.

# પાલડી પ્રાથમિક શાળામાં 'રાષ્ટ્રીય પોષણ માહ'ની ઉજવણી

બાયડ તા.૮

અરવલ્લી જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી રમેશભાઈ




પટેલ ના અધ્યક્ષ પદે અને સ્નેહલતા બેન પટેલ (નિવૃત્ત શિક્ષિકા, એન એચ શાહ હાઈસ્કૂલ બાયડ) ના સહયોગ થી પાલડી પ્રાથમિક શાળા ના બાળકો ને રાષ્ટ્રીય પોષણ માહ ની ઉજવણી નિમિત્તે અલ્પાહાર (સમોસા, ચટણી, બુંદી ના લાડુ) આપવામાં આવ્યો. તથા આવેલ મહેમાન અરવલ્લી જિલ્લા શિક્ષણ સમિતિ ના ચેરમેન રમેશભાઈ પટેલ અને અલ્પાહારના દાતાશ્રી સ્નેહલતા બેન પટેલ એ બાળકો ને પોષણ માહ અને વ્યસમુક્તિ વિશે માહિતી સાથે આશીર્વચન આપ્યા હતા. આ પ્રસંગે અરવલ્લી જિલ્લા શિક્ષણ સમિતિ ચેરમેન રમેશભાઈ પટેલ, સ્નેહલતાબેન પટેલ, કિસાન મોરચા સંઘઠન મંત્રી રાકેશભાઈ પટેલ,પાલડી ગામ ના સરપંચ નરસિંહભાઈ ચૌહાણ, મ ભો સંચાલક પુનાજી ચૌહાણ, એસ એમ સી અધ્યક્ષ ભાનુંસિંહ ચૌહાણ, પાલડી પ્રાથમિક શાળા સ્ટાફ ઉપસ્થિત રહ્યાં હતાં. શાળા પરિવારે આવેલ મહેમાન નો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમ નું આયોજન શાળા ના મુખ્ય શિક્ષક ધર્મેશ સોની અને શાળા પરિવારે કર્યુ હતું.




ભારતની સ્વતંત્રતાની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્થળે ૭૫ અઠવાડીયા ભવ્ય ઉજવણી કરવાનું ભારત સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ છે. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ક્લીન ઈન્ડિયા કાર્યક્રમ ના ભાગરૂપે અરવલ્લી જિલ્લા ખાતે કલેકટર સાહેબની સુચનાથી તા.૦૧/૧૦/૨૦૨૧ થી તા.૩૧/૧૦/૨૦૨૧ સુધી જુદી જુદી કચેરીઓ દ્વારા ક્લીન ઈન્ડિયા કાર્યક્રમના ભાગ રૂપે જુદી જુદી કામગીરી સોપવામાં આવેલ છે. ક્લીન ઈન્ડિયા કાર્યક્રમ અંતગર્ત જિલ્લા રમતગમત અધિકારીની કચેરી તથા જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ, મોડાસા અરવલ્લી દ્વારા સ્પોર્ટ્સ પર્સન દ્વારા જે. બી. શાહ ડી.એલ.એલ.એસ. સ્કુલ મોડાસા ખાતે સ્વચ્છતા ની ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યુ. આ કાર્યક્રમમાં હર્ષાબેન જે. ઠાકોર, જિલ્લા રમતગમત અધિકારીશ્રી, અરવલ્લી, મઝહરભાઈ સુથાર, સિનિયર કોચશ્રી, અરવલ્લી, પ્રાંત યુવા વિકાસ અધિકારીશ્રીઓ, અરવલ્લી, ૩૪ સ્પોર્ટ્સ પર્સન તથા જુદી જુદી રમતનાં ટ્રેનરો, જુદી જુદી રમતનાં ખેલાડીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધાના મેદાનની આજુ બાજુ તથા મેદાનમાંથી પ્લાસ્ટીક અને કચરાનો યોગ્ય રીતે નિકાલ કરાવ્યો હતો.

# હિંમત હાઈસ્કુલ, હિંમતનગરમાં ઈકો કલબ દ્વારા કાર્યક્રમ યોજાયો

હિંમતનગર તા.૮

મંગળવારના રોજ શ્રી હિંમત હાઈસ્કુલ, હિંમતનગર માં શાળાની ઈકો કલબ દ્વારા વન્યજીવો ની જાળવણી, વનસ્પતિ અને પર્યાવરણ અંગે જન જાગૃતિ અભિયાન માટે વિદ્યાર્થીઓનું પ્રદાન અંગે માહિતી આપવામાં આવી હતી, જેમાં શાળાના ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઈકો કલબના કન્વીનર શ્રી એચ. એલ. ભરવાડ સાહેબએ




પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું, શાળાના આચાર્યશ્રી સુરેશભાઈ પટેલ સાહેબે ઈકો કલબની સ્થાપના, ઉદ્દેશો અને મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે શાળાના ચિત્ર શિક્ષક, શ્રી સંજયભાઈ સુથાર ની ઉપસ્થિતિ પ્રેરક હતી.

# અંબાજી દાંતાના પત્રકાર મિત્રો દ્વારા પ્રથમ નવરાત્રિએ માં અંબાને ધજા ચડાવાઈ

પાલનપુર, તા.૮

યાત્રાધામ અંબાજીમાં નવરાત્રીના પ્રથમ નોરતે અંબાજી દાંતાના પત્રકારો દ્વારા માં અંબાને ધજા ચડાવવાનું આયોજન કરાયું હતુ બપોરે



૧૨ વાગ્યે બધા પત્રકારો ડી.કે.સર્કલ નજીક ખોડીવડળી મહાદેવ મંદિરે ભેગા થયા હતા અને ત્યાંથી હર્ષોલ્લાસ સાથે માં ની ધજા સાથે પગપાળા મંદિર તરફ પ્રયાણ કર્યુ હતું બોલ મારી અંબે જય જય અંબેના નાદ સાથે અંબાજી નગરમાં ફરીને ધજા સાથે શકિત દ્વાર થી ચાચરચોકમાં પહોંચ્યા હતા અને ત્યારબાદ મા અંબાને શિખર પર ધજા ચડાવી હતી અને માઁ અંબાને સુખડીનો પ્રસાદ પણ ધરાવવામાં આવ્યો હતો. આ ધજા ચઢાવવા ના કાર્યક્રમમાં અંબાજીના વરિષ્ઠ પત્રકાર અમૃતભાઈ જોષી, જયદેવભાઈ દવે, માણેકભાઈ જોષી અને અન્ય પત્રકારો હાજર રહ્યા હતા સાથે દાંતાના વરિષ્ઠ પત્રકાર રાજુભાઈ જોષી અને દાંતા પત્રકારો પણ જોડાયા હતા

# અમીરગઢના ડાભેલીની શાળાને તાળાંબધી કરાઈ

પાલનપુર


અમીરગઢ તાલુકાની ડાભેલી પ્રાથમિક શાળાને તાળાબંધી કરાઈ હતી. ગઈકાલે શાળાની સાત વર્ષીય વિદ્યાર્થિની મોતને ભેટતા ગ્રામજનોમા આક્રોશ હતો, જ્યારે શાળામાં શિક્ષકોમા કેટલાય સમયથી ચાલતા વિવાદને લઈ ગ્રામજનોમાં રોષ જોવા મળ્યો છે.

# એક મિલન મીઠું મધરું

## અરવલ્લી જિલ્લા અને ધનસુરા તાલુકાનું RSS અને તેને સંલગ્ન સંસ્થાઓનું કાશીપુરા કંપા (આકૃન્દ) મુકામે

બાયડ તા.૮

'ભારત માતા કી જય' ના ઉદ્દગોશ સાથે તાજેતરમાં અરવલ્લી જિલ્લા ના ધનસુરા તાલુકાના કાશીપુરકમ્પા (આકૃન્દ) ખાતે RSS, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગદળ, ગૌ રક્ષા દલ ના ઉપક્રમે એક સુંદર કાર્યક્રમ યોજાઈ ગયો.... આકૃન્દ-હીરાપુર



વિસ્તારના ૧૨ કંપાઓના યુવાનો ની હાજરી જિલ્લા, તાલુકા ના RSS, VHP, બજરંગદળ, ગૌરક્ષા દળ ના આગેવાનીમાં કાશીપુરા કંપા ખાતે મીઠી મધુર સુગંધ રેલાવી ગઈ...

૨૦૦ થી વધુ યુવાનોમાં રાષ્ટ્ર પ્રત્યેની લાગણી નજરે પડી, અને પ્રત્યેક યુવાન ભારતમાતા ની સુરક્ષા માટે કટિબદ્ધ થયો.... રાષ્ટ્ર હિત અને સુરક્ષા કાજે વરેલા RSS, VHP, બજરંગદળ, ગૌરક્ષાદલ ના જિલ્લા ના પતતિનિધિઓ અમૃતભાઈ પટેલ(ધર્મ પ્રચારક સંયોજક, ઉત્તર ગુજરાત),અલ્પેશભાઈ શર્મા (VHP, અરવલ્લી જિલ્લા સંયોજક), રાકેશ પટેલ (VHP, સંયોજક આકૃન્દ ખંડ તેમજ આકૃન્દ ગ્રામ પંચાયત સદસ્ય), દિનેશ પટેલ (ઉપ સરપંચ, આકૃન્દ પંચાયત), વિનોદ પટેલ(અધ્યક્ષ, નારણપુરા ગ્રામ પંચાયત), રજની પટેલ(સંયોજક, ગૌ રક્ષા દળ અરવલ્લી જિલ્લા), વિષ્ણુભાઈ દેસાઈ(બજરંગ દલ ધનસુરા તાલુકા સંયોજક), રાહુલ પટેલ( VHP, ઉપપ્રમુખ ધનસુરા તાલુકા) ની ઉપસ્થિતિમાં કાશીપુરા કંપા આજુબાજુના ૧૨ કંપાઓના યુવા મિત્રો ને રાષ્ટ્ હીત માટે સહભાગી થવા આહવાન કરાયું હતું.... આગામી ૨૪ ઓક્ટોબર ના રોજ વડાગામ ખાતે 'ત્રિશુલ દીક્ષા' કાર્યક્રમ માં જોડાવા માટે સૌને નિમંત્રણ પાઠવવામાં આવ્યું.

સમસ્ત કાર્યક્રમ દરમ્યાન અમૃતભાઈ પટેલ દ્વારા ઈજીજી ને તેમની સાથે કાર્ય કરતી અન્ય સંસ્થાઓ નો હેતુ, કામગીરી અને ઉદ્દેશ વિશે વિસ્તૃત સમજાવવામાં આવેલ. વિનોદ પટેલ દ્વારા સમસ્ત કાર્યક્રમ નું સંચાલન થયેલ હતું...યુવા મિત્રો નો ઉત્સાહ જોતા આગામી સમય માં મોટી સંખ્યા માં આ સંગઠન માં યુવા મિત્રો જોડાશે તેવું આશ્વાસન પણ મળેલ છે... ધનસુરા પ્રખંડ માં રાષ્ટ્ર હિત માં ઈજીજી, ફઉઁ, બજરંગદળ, ગૌ રક્ષા દળ ની નોંધ સામાજિક અને રાકકીય રીતે જરૂર લેવાશે તે નક્કી છે. કાર્યક્રમ માં ઉપસ્થિત તમામ યુવા મિત્રો, ગ્રામ જનો નો ખુબ સહકાર રહ્યો અને રામજી મંદિર ના મહંત શ્રી રાધેશ્યામ મહારાજ દ્વારા ધાર્મિક પ્રવચન પણ આપવામાં આવ્યું... આ સંઘઠન કોઈ રાજકીય પક્ષ માટે નહીં પણ રાષ્ટ્ર હિત ને લઈને છે અને તે રાષ્ટ્ર હિત વિરુદ્ધ કોઈપણ સામાજિક અથવા રાજકીય પક્ષ ને સહકાર નહિ આપે તેની પણ સ્પષ્ટતા કરવામાં આવેલ... જે રાષ્ટ્ર નું વિચારશે તેને આ સંઘઠન દિલ થી સહકાર આપશે તેવું નિવેદન થયેલ છે... સંઘઠન ની મિટિંગ ને સફળ બનાવી તે માટે ઉપસ્થિત સૌ યુવા મિત્રો, આયોજકો, રામજી મંદિર મહંત, પદાધિકારીઓ સૌનો આ સંગઠન તથા આયોજક વતીથી વિનોદ પટેલ(કાશીપુરા) આભારી છે.